# નેતાજી સુભાષચંદ્ર બોઝના ડ્રાઇવરને આખરી સલામ...

**નેતાજી સુભાષચંદ્ર બોઝના મૃત્યુનું રહસ્ય હજુ ઉકેલાતું નથી. સુભાષચંદ્ર બોઝનું મૃત્યુ કયા સંજોગોમાં થયું અને કઇ રીતે થયું એ પ્રશ્નના હજુ નક્કર જવાબ મળતા નથી. તેમનું મૃત્યુ અકળ રહ્યું, વર્ષો બાદ આજે પણ તેમના મૃત્યુની ચર્ચા થતી રહે છે, પણ તેમના ડ્રાઇવર તરીકે સેવા આપનારા શખસના હાલમાં થયેલા મૃત્યુની બહુ ઓછી નોંધ લેવાઇ છે.**



સુભાષચંદ્ર બોઝનું મૃત્યુ વિમાની અકસ્માતમાં થયું હોવાની થિયરી ચાલે છે. પરંતુ તેની સામે શંકાની સોય પણ એટલી જ તકાયેલી છે. સુભાષચંદ્ર બોઝના મૃત્યુ અંગે જેટલી ચર્ચા થાય છે એટલી ચર્ચા તેમના ડ્રાઇવર તેમને દોરી જનારી વ્યક્તિનું હાલમાં મૃત્યુ થયું, તેના સમાચાર ખાસ ચમક્યા નહીં. ૧૧૭ વર્ષના નિઝામુદ્દીનનું મૃત્યુ આઝમગઢના મુબારકપુર વિસ્તારમાં થયું હતું. તેમનું અસલી નામ તો સૈફુદ્દીન હતું. જોકે તેઓ કર્નલના નામે ઘણા જાણીતા હતા. એ ઉપનામ તેમને નેતાજીએ આપ્યું હતું.સૈફુદ્દીનની સુભાષચંદ્ર સાથે પહેલી મુલાકાત સિંગાપોર ખાતે થઇ હતી. એ વેળા સિંગાપોરમાં આઝાદ હિંદ ફોજ માટે સૈનિકોની ભરતી થતી હતી.એ ભરતી કેન્દ્રમાં ભરતી પામીને સૈફુદ્દીન આઝાદ હિંદ ફોજમાં સામેલ થયા હતા. એ પછી સુભાષજીના ડ્રાઇવર તરીકે તેમણે બર્મામાં સેવા આપી હતી. નિઝામુદ્દીન એવો દાવો કરતા રહ્યા છે કે જ્યારે બર્મામાં નેતાજી હતા, ત્યારે તેમના ઉપર જાન લેવા હુમલો થયો હતો. કોઇકે નેતાજીને ઠાર મારવા માટે ગોળી છોડી હતી, જેમાંની એક ગોળી નિઝામુદ્દીનને પણ વાગી ગઇ હતી. જોકે એ ગોળીથી સુભાષચંદ્ર બોઝ પણ બચી ગયા હતા અને તેમની સાથે નિઝામુદ્દીન પણ બચી ગયા હતા. નિઝામુદ્દીનને એક ગોળી તેમની પીઠ પર લાગી હતી.આઝાદ હિંદના ડૉક્ટર તરીકે સેવા આપતાં કેપ્ટન લક્ષ્મી સહગલે એ ગોળી કાઢી હતી. એ પ્રસંગ પછી નેતાજી નિઝામુદ્દીનને કર્નલ તરીકે જ બોલાવતા હતા. જોકે જેમ સુભાષચંદ્ર બોઝ ગુમનામીમાં જ રહ્યા, એમ નિઝામુદ્દીન પણ ખાસ રાજકીય ક્ષેત્રમાં ગુમનામ જ રહ્યા હતા. સુભાષચંદ્ર બોઝ કોંગ્રેસના એક સમયના પ્રમુખ હતા ખરા, પણ તેમના લડી લેવાના મિજાજ સાથે એ વખતના કોંગ્રેસી દિગ્ગજો સહમત ન હતા. બલકે તેમનો માર્ગ ગાંધીજી અને જવાહરલાલ નહેરુની કોંગ્રેસથી અલગ થઇ ગયો હતો. સુભાષચંદ્ર બોઝ માનતા કે અંગ્રેજોને લડીને જ હાંકી કાઢવા પડશે. પરંતુ બીજી તરફ ગાંધીજી અને બીજા કોંગ્રેસીઓ અહિંસાના માર્ગે લડત ચલાવતા હતા. ગાંધીજીના વિચાર સાથે નેતાજીનો મેળ પડે એમ ન હતો અને તેને કારણથી જ તેઓ કોંગ્રેસમાં પણ ઊંચેરું સ્થાન પામવા છતાં બીજા નેતાઓની જેમ આગળ વધી શક્યા ન હતા. એ પણ ખરું કે લડી લેવાના મિજાજને કારણે જાતે લડી લેવામાં તેમણે પાછી પાની કરી ન હતી, તેને કારણે જ યુદ્ધ સમયે તેઓ જાપાનની સહાય મળી રહે એ માટે ગયા અને વિમાની અકસ્માતમાં મૃત્યુ પામ્યા. નેતાજી સુભાષચંદ્ર બોઝ સાઇડ આઉટ થઇ ગયા હોવાને કારણે તેમના સાથીઓ કે તેમના પરિવારજનો પણ ખાસ રાજકીય મહત્ત્વ પામી શક્યા નહીં. એ સંજોગોમાં નિઝામુદ્દીન પણ સામાન્ય વ્યક્તિ બનીને રહી જાય એ સમજી શકાય એમ છેજોકે મોડે મોડે પણ ૨૦૧૫માં સુભાષચંદ્ર બોઝનાં પ્રપૌત્રી રાજશ્રી ચૌધરી આઝમગઢ જઇને નિઝામુદ્દીનને મળી આવ્યાં હતાં.એ પહેલાં ૨૦૧૪માં લોકસભાની ચૂંટણી વેળા વારાણસીના પ્રચાર દરમ્યાન હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ નિઝામુદ્દીનને સ્ટેજ પર બોલાવીને તેમનું જાહેર અભિવાદન કર્યું હતું. જોકે એ અભિવાદન રાજકીય લાભ લેવા પૂરતું હતું એમ કહીએ તો ખોટું નથી. એ વખતે મુસ્લિમોના પ્રભાવને પણ ખાળવાની જરૂર હતી,એ માટે ભાજપે તેમનો ઉપયોગ કરી લીધો હોય એ સમજી શકાય એમ છે. એ પછી કોઇએ તેમના હાલચાલ પૂછ્યા હોય એવું બન્યું નથી. તેઓ મૃત્યુ પામ્યા તેના અઠવાડિયા પહેલાં તેઓ શરદી અને તાવથી બીમાર હતા. જોકે તેમનું સ્વાસ્થ્ય સારું હતું અને તેઓ ડાયાબિટીસ કે બ્લડ પ્રેશર જેવી બીમારીથી પીડાતા ન હતા. આજના યુગની બીમારી તેમને પરેશાન કરતી ન હતી. પરંતુ ૧૧૭ વર્ષની આયુને કારણે નાની બીમારી થતી રહેતી હતી. મૃત્યુ પામ્યા તેની આગલી રાત્રે તો તેમણે દાળ, દેશી ઘી અને એક રોટલી પણ ખાધી હતી. સામાન્ય શરદી અને તાવ કાંઇ મૃત્યુ સુધી દોરી જાય એવી બીમારી તો ન હતી જ. છતાં જેનું જીવન તેનું મૃત્યુ તો છે જ, એ કડવું સત્ય આખરે નિઝામુદ્દીનને માટે પણ સાચું જ હતું ને ? છતાં જીવનની સદી ફટકારીને તેઓ ભરપૂર જીવન જીવી ગયા, તેનો પણ ઇન્કાર થઇ ન શકે. જો સુભાષચંદ્ર બોઝ જીવિત રહ્યા હોત, તો નિઝામુદ્દીનનો દબદબો કાંઇ અલગ જ હોત. સુભાષચંદ્ર બોઝની જેમ મહદંશે ગુમનામ રહીને નિઝામુદ્દીને આખરી વાટ પકડી લીધી.